# 72

**આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કૂપોષિત બાળકો**

*15/4/526 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૯૫૮૬ |
| સુરેન્દ્રનગર | ૧૭૧૨૫ |

| | | | |
|---|---|---|---|
| (૨) | તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) | તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૧૫૬૪૭ | ૩૯૩૯ | ૧૯૫૮૬ |
| સુરેન્દ્રનગર | ૧૨૯૮૧ | ૪૧૪૪ | ૧૭૧૨૫ |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો,અને | (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| આણંદ | ---- | ૬૫૮૨ |
| સુરેન્દ્રનગર | ---- | ૪૦૮૪ |

| | | | |
|---|---|---|---|
| (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ | (૪) | ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| દુર કરવા સરકારે શાં પગલાં લીધાં? | • આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.<br>• સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.<br>• રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.<br>• દુધ સંજીવની યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, સાયલા અને થાનગઢ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇટ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે. |

-------------------------------------------